સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૭૪ / શુમારો : ૨
بسم الله الرحمن الرحيم
ફુલ પાના - ૧૦

مشكوة અલહાદી
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
તા. ૧ સફરૂલ મુઝફ્ફર ૧૪૩૧ હી., ૧૬-૧-૨૦૧૦

# -::: એહસાસ :::-

ખુદાતઆલાએ ઈન્સાનને એહસાસાત બખ્શેલા છે જેનાથી એ પોતાના જિસ્માની અને દુનિયાવી ચીઝો સાથે રાબેતો કાઈમ કરી શકે છે. એહસાસ બગૈર આ દુનિયાનો વુજૂદ સોચી જ કેમ શકાય ! ખુદાએ ઈન્સાનને ઝાહિરી એહસાસથી બીજા હયવાનો મુજબ નવાઝેલો તો છે પણ બાતિની એહસાસની નેઅમત પણ બખ્શેલી છે. હવે, ઈન્સાન ઝાહિરી એહસાસ ના સબબ તરહ-તરહની ચીઝોને મેહસૂસ કરી શકે છે. મગર બાતિની એહસાસ માઅકૂલાતને કહે છે જે છુપો હોય છે, અને તે સહી અકલથી હાસિલ થાય છે, બરાબર માઅરેફત હોવી ઝરૂરી હોય છે અને તે વાસ્તે ઝાહિરી એહસાસની ઝરૂરત પડતી નથી. ફક્ત તે તો ઝરીઓ બને છે. મિસાલના તૌર પર હવાના ઝરીએ કાનમાં જે આવાઝ પહોંચે છે તે **મેહસૂસાત** છે, તેમ જ કાગઝ પર કલમના ઝરીએ હાથથી લખાયેલો ખત પણ તે જ છે. હવે કાનથી જે આવાઝ પહોંચો યા હાથથી જે લખાણ લખાયું તે સાંભલેલી અને વાંચેલી બાબતોને દિમાગમાં યાદ રાખીને સોચ-વિચાર કરીને તેના મતલબને બરાબર સમઝવાને **માઅકૂલાત** કહેવાય છે.

ઈન્સાનનો જાન આ બેવે-ઝાહિર અને બાતિન એહસાસ (હવાસ) ને આધીન છે. સબબ કે, બાતિની હવાસ ત્યારે જ મુકમ્મલ થાય જ્યારે ઈન્સાન ઝાહિરી હવાસનો પુખ્તા ઈસ્તેમાલ કરે. આ બેવે હવાસ એક સિક્કાના બે પાંસા છે. ઈન્સાનની ફઝીલત તેમાં જ છે કે એ આ બેવે હવાસથી અલ્લાહની નિશાનીઓ અને આયતો પર ઈમાન લાવે. જેમ ઝાહિરી હવાસ પાઁચ છે : **જોવું, સુંઘવું, સાંભલવું, ચાખવું અને અડકવું** તેમ બાતિની હવાસ પણ પાઁચ છે : **વિચાર, વહેમ, યાદ રાખવું, ફિકર અને મનન.**

ઉપર બયાન થયું કે, ઈન્સાન વાસ્તે આ બેવે હવાસનું હોવું ઝરૂરી છે. જો કોઈ શખ્સ જન્મથી આંધલો હશે તો તે ફક્ત વિચાર યા વહેમથી ચીઝોનો રંગ અને બનાવટને પારખી નહીં શકે. એ જ મુજબ જન્મથી જે બહેરો હશે તે ફક્ત ગુમાનથી આવાઝનો અંદાઝો નહીં લગાવી શકે. આથી કુદરતનો કાનૂન છે કે, જે જન્મથી બહેરો હશે તે ગુંગો પણ હશે જ, કેમકે જો તે સાંભલી શકતો નથી તો કઈ તરહ તે બોલી શકશે ! આના પરથી સમઝી શકાય કે, ઝાહિરી હવાસથી બાતિની હવાસ તક પહોંચી શકાય છે.

છુપા હવાસમાં એક વહેમ છે, જેનો દરજો વિચારથી ઉતરતો છે. વહેમ ખોટા વિચાર માંથી પૈદા થાય છે જેના સબબ તે ખતરો બની શકે છે. વહેમથી મોટા નુકસાન થઈ શકે છે અને ઈમાનનો તો આ ભારી દુશ્મન છે. **દીનની બાબતોમાં વહેમની કોઇ જગા નથી.**

**"દીનના અહકામમાં જાઇઝ નથી હરગિઝ કિયાસ**
**જે કોઇ ચાલા તે રસ્તે તે થયા હરદમ નિરાસ."**

વહેમના લીધે જ ઈન્સાન ન કરવું કરી દે છે, નફા-નુકસાનનો ફરક જોતો નથી. ઈમાનના દુશ્મનો પણ પોતાનો ઊલ્લું સીધો કરવા લોગોમાં તરહ-તરહના તુક્કાઓ છોડી, મનફાવતી વાતો બનાવી, ખોટો તસવ્વુર ઊભો કરી દિમાગોને ચક્કરમાં નાંખી દે છે. સિરાતે હક્કથી ભટકાવી દે છે. આથી મુમિનને વહેમથી દૂર રહેવું જોઈએ.

તખય્યુલ (વિચાર) અને વહેમ (કલ્પના) માં ફરક એ છે કે, વિચાર ઈન્સાનને બેદારીની હાલતમાં આવે છે, પણ વહેમ બેદારી તેમજ ઊંઘની હાલત બેવેમાં પૈદા થાય છે. વિચાર કોઈ હાઝિર ચીઝથી થાય છે જેને ઈન્સાન

*(બકીયાહ પેજ નં. ૪ પર)*

**બુઝુર્ગની રાય મારા નઝદીક ગુલામની સ્ફૂર્તી કરતા ઝિયાદહ પસંદીદાહ છે.**

## -::: ઈઝ્ઝત યા ઝિલ્લતનું અસલ :::- ઝબાન

**કડી બોલીસે કવ્વા હો ગયા બદનામ દુનિયામેં,**
**મિલા કોયલ કો મીઠે બોલ સે આરામ દુનિયામેં.**

અલ્લાહતઆલાએ ઈન્સાનને એના જિસ્મમાં બે અહમ ચીઝો આપેલી છે : (૧) એની અદબ-તેહઝીબ આગલ વધારે છે અને (૨) એની નસલ આગલ વધારે છે. પહેલી ચીઝ તે એના બે જડબાને દરમિયાન **ઝબાન** છે અને બીજી ચીઝ તે એના બે પગોને દરમિયાન **શરમગાહ** છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ આ બેવે ચીઝોની હિફાઝત કરવાની ખાસ તાકીદ ફરમાવેલી છે. ઈન્સાનની ઈઝ્ઝત અને સલામતી આ બેવેને કાબૂમાં રાખવામાં છે. ઝબાનને કાબૂમાં રાખવા મુમિન પાસે કુરઆનની તિલાવત અને તસ્બીહનું કરવું છે અને શરમગાહની હિફાઝત વાસ્તે નિકાહ કરવું છે. **આ બેવે અલ્લાહના નબીની અહમ સુન્નતો છે.**

ઈન્સાનની ખરી પહેચાન એની ચહેરા પરથી નથી થાતી પણ ઈન્સાન એની ઝબાનને નીચે છુપાયેલો હોય છે. જ્યાં તક એ બોલતો નથી ત્યાં તક એની અસ્લીયત બાહર આવતી નથી. દુશ્મની કે દોસ્તીનો દાએરો વધે એ વાસ્તે ઈન્સાનને ખુદ ઝબાનનો બહેતર ઈસ્તેમાલ કરીને કરવાનો છે. કુરઆને કરીમ મુમિનને બોલવાના અદબ શીખાવે છે કે, તમેં લોગો સાથ ખુશ-ગુફતગૂ કરો, નીચા લહેજાથી બોલો, અલ્લાહના નબીના નઝદીક તમેં ઝોર-ઝોરથી ન બોલો, નબીના આવાઝ કરતા તમારો આવાઝ ઊંચો ન કરો, તમેં હરગિઝ ગલત-બયાની અને જૂઠ-બયાની ન કરો, આ તો **શયતાની લોગોની ખસલત છે.**

કોઈ માલી હાલતથી પસ્ત હોય, મુસીબતઝદા હોય, એના ભાઈને ખબર પડે અને એ એના ભાઈની મુસીબતમાં મદદ કરે, એક મુખ્લિસ મદદગાર બનીને એના પડખે ઊભો રહે, એને હોંસલો આપે. મગર દુનિયાના લોગો નઝદીક એ મદદ કરનાર ભાઈ વાસ્તે પેલો શખ્સ એની જાડી ઝબાનમાં કહે કે, **"આ તો એની ફરઝ હતી, એ સામે ચાલી ને આવો, ભાઇની મદદ નહી કરે તો પછી કોની કરશે."** હવે આના મુકાબલામાં વરસાદમાં ભારી પૂર આવું. એક શખ્સના મકાનને ખૂબ નુકસાન થયું. જ્યાં એ કામ કરતો હતો ત્યાં એક ભાઈએ એની મદદ કીધી, એના ઘરના એક ખાલી રૂમમાં એને આસરો આપો. એ શખ્સે જાણે દિલને પોતાની ઝબાન પર લાવી શીરીં કલામીથી કહ્યું કે, "ભાઈ ! ખુદા તારૂં ભલું કરે, તુંએ મને ગૈર હોવા છતા ઘરના એક મેમ્બર બનાવીને આસરો આપો. **આ તારૂં એહસાન હું કોઇ વક્ત ભુલાવી શકીશ નહીં.**"

એહસાનમંદી કે એહસાન-ફરામોશી, નમકહલાલી કે નમકહરામી ઈન્સાનની આદતમાં જોવા મીલે છે. એહસાનમંદી કે શુક્ર અદા કરવાની આદત જો ઈન્સાન બનાવી લે, પોતાના હર તઅલ્લુકને ઈસ્લામી અખ્લાક પર પાર ઉતારે તો એની ઝિંદગી બિલાશક શહેદ-મધની માનિંદ મીઠી બની શકે છે. આદમીની ફિતરતમાં છે કે, પોતાની તાઅરીફ સાંભલવા વાસ્તે એ હર વક્ત ખુશીમાં ઝુમી ઉઠે છે પણ બીજાની તાઅરીફ કરવામાં કે એહસાન માનવામાં ખૂબ બખીલી કરે છે. કોઈની હલીમી-કરીમી માપવી હોય તો એ એના નીચેના લોગો સાથે કેવો સુલૂક કરે છે એના પરથી માપી શકાય છે. **ઇઝ્ઝત આપીએ તો ઇઝ્ઝત મીલે.** અપના મુલાઝિમો, અપના ખિદમતગુઝારો, અપના ઘરનું નાનું-નાનું કામ કરનાર, પેપરવાલા, દૂધવાલા, ટપાલી, ઈસ્ત્રી કરનાર, ડ્રાઈવર વગૈરા સાથે નરમી અને ખુશ-ઝબાની સાથે પૈશ આવવામાં જ ખાનદાની અને અદબની ઝલક નુમાયા છે.

ઘણા એમ વિચારે છે કે, ઘરના લોગો સાથે બોલવા અને કહેવામાં કોઈ પડદો ન રાખવો જોઈએ. વાત તો બરાબર છે, પણ આમ કરવામાં બોલવાની અદબનું ખુન થાય છે. બોલીમાં બકવાસ આવી જાય છે, શીરીની કમ અને કડવાશ વધી જાય છે, જે ઝબાન પર આવે તે વિચારા બગૈર ગુસ્સા કે જોશમાં બોલી દેવાય છે, કોઈની ઈઝ્ઝત પર દાગ લાગે છે, કોઈ નાખુશ થાય છે, કોઈ ને સાથે તઅલ્લુકમાં તિરાડ પડે છે વગૈરા. નસીહતમાં છે કે, **"ઓછું બોલો કે બીજાનું કામ બને. જ્યાં કામમાં નુકસાન થતું હોય ત્યાં ખામૌશ રહેવું બહેતર છે. લોગો તમને સાંભલવા વાસ્તે ઇન્તેઝાર કરે એવું કરો પણ તમને ઇન્તેઝાર કરવો પડે કે લોગો ક્યારે તમારૂં સાંભલે એવું**

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**જે કોઈ શખ્સ તેને અને ખુદાને દરમિયાન નૈક મુઆમેલાત રાખશે તો**

## -::: અખ્બારે દોઆતે મુત્લકીન (આ.કુ.) :::-

### ૧૭માં દાઈએ મુત્લક

## સૈયેદના હસન બદરૂદ્દીન બિન સૈ. અબ્દુલ્લાહ બિન અલી (ક.રૂ.)

દાઅવતે હાદીયાહના અખ્બારને દરજ કરનાર મુઅર્રિખો બયાન કરે છે કે, સૈ.અબ્દુલ્લાહ સાહબ આ દારે ફાનીથી ઈન્તેકાલ કરી ગયા પછી સૈ. હસન સાહબ દાઅવતે હાદીયાહની મસ્નદે તૈયેબી પર જલ્વા અફરોઝ થયા. નુકતતુઝ ઝમાન, મરકઝુલ ઈમાન ઈમામુઝ્ઝમાન (અ.સ.) ની નઝરે ઈનાયત આપ પર જારી-સારી થઈ અને આપની નિગેહબાનીના સબબ મુમેનીનમાં નૈક આઅમાલની સૂરત નમૂદાર થઈ. આપે દાઅવતની તાઅલીમો તરબીયત વાસ્તે મદ્રસાઓ ઈબ્તેદા કીધા, મુમેનીનની ઈલ્મમાં તરક્કી થાય તે વાસ્તે આપ ખૂબ કોશિશ કરતા, કુરઆને કરીમથી હલાલ-હરામના કામોને સમઝાવતા, દીનના અરકાન અને અકીદાઓને પાકા કરાવતા, નમાઝ-રોઝા-જેહાદની તાકીદ કરતા, મુમેનીનને ઈન્સાફથી રહેવાની હિદાયત દેતા, શકમંદોના શકને દૂર કરવામાં ખાસ ગૌર કરતા, હક્કદારને હક્ક અપાવતા અને મુમેનીનને યકીન સાથે પોતાની ઝિંદગી બસર કરવા તરફ હોંશ અપાવતા. આપ, અલી મુશ્કિલકુશા (અ.સ.) ના શયદાઈ હતા અને જેમ આકા અલી (અ.સ.) ફરમાવતા કે **"સલૂની કબ્લા અન તફકેદૂની", તેમ આપ લોગોને કહેતા કે, હું તમારો હાદી છું, અલીનો દાઇ છું, તમારા દિલમાં જે શક હોય તે દૂર કરી લો તે પહેલા કે હું દુનિયા માંથી ગુઝરી જાવ.**

માઝૂનુદ્દાઅવતના દરજા પર આપ મૌલાએ આપના ભાઈ અબ્દુલ મુત્તલિબ નજમુદ્દીનને કાઈમ કીધા જેને લશ્કરે તૈયેબીના સિપાહસાલારની ઝિમ્મેદારી પણ સંભાલી. જેહાદ અને લડાઈના ફનમાં આપ ઘણા જ માહિર અને તમામ પર ભારી હતા. મૈદાને જંગ હોય યા ઈલ્મો અમલની મજલિસ હોય, કોઈ આપનો સાની ન હતો. આપ શરીઅતના સખ્ત પાબંદ હતા, આના લીધે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મુકેલી બે નફીસ ચીઝો કુરઆને કરીમ અને અહલુલ બૈત (અ.સ.) ના આઅમાલ સિવાય બીજી કોઈ ગૈર-શરઈ ચીઝ યા બિદઅત પર મુમેનીનનો અમલ ન હતો. મુખાલિફો જેઓ શક-શુબેહના અંધારામાં ડૂબેલા હતા તેઓનો મુમેનીન પર કોઈ મકરો ફરૈબ ચાલતો ન હતો. **દાઅવતે હાદીયાહના નૂરાની મોતીઓથી મુમેનીનના દામનો ભરેલા હતા.** આપ (માઝૂનુદ્દાઅવત) દાઅવતની બેલૌસ ખિદમત કરતા રહ્યા, મુમેનીનને રાહત બખ્શવા પોતાના જાનને મશક્કત દેતા રહ્યા કે, એકાએક આપ ખૂબ બીમાર થયા અને આ જ આલમમાં આપ ૮ સફર ૮૧૨ હિ. ના દિન તમર (યમન) માં ઈન્તેકાલ કરી ગયા.

આપ મૌલાને જે વકત આપના ભાઈના વફાતની ખબર થઈ તો રંજના સદમાથી આપની કમર તૂટી ગઈ, આપની ઉમ્મીદોની કિરનો ઝાંખી પડી ગઈ અને મુમેનીનની જમાઅતમાં ગમના પહાડ આવી પડા. **ગમનો એ આલમ બરપા થયો કે, એક મુદ્દત તક લોગોએ કોઇ ખુશી ન મનાવી.** આપ મૌલા સબર પર સાબિત રહ્યા, લોગોને સબર કરવાનો સબક આપો અને અલ્લાહની મરઝી પર રાઝી રહેવાનું ફરમાવું. આપ મૌલાએ માઝૂને મુત્લકના દરજા પર આપના મોટા ભાઈ ઈદરીસના દીકરા મોહંમદને કાઈમ કીધા. આપે મોહંમદને મદીનતે તમર તરફ પધારવા વાસ્તે કાસિદને રવાના કીધો અને જે વકત મોહંમદ મોટું લશ્કરે જર્રાર લઈને પધારા તો આપ મૌલા તમામ હુદૂદ, રઈસો અને મુમેનીનને લઈ ગયા અને ખૂબ ઈઝઝતો જલાલ સાથે એમનો ઈસ્તિકબાલ કીધો.

માઝૂનુદ્દાઅવત સૈ. મોહંમદે આપના શફીકો હલીમ કાકાજી અબ્દુલ મુત્તલિબ પાસેથી તાઅલીમો તરબીયત હાસિલ કીધી હતી અને એ દરજાના ઈલ્મનો આપના સીનામાં ખઝાનો હતો કે, આપ કોઈ કિતાબમાં જોયા બગૈર કલાકો તક ખુત્બાઓ પઢતા અને બયાનો કરતા, મુમેનીનને હબ્લુલ્લાહથી બાંધીને રાખતા. ઈલ્મી દૌલત સાથે અલ્લાહે આપને માલી ખઝાનાથી નવાઝા હતા અને આપે માલો જાનથી સૈયેદનાની ખૂબ ખિદમત કીધી અને તમામ કરઝને આપની દૌલતથી અદા કરી દીધું. માલી હાલતથી પસ્ત મુમેનીનમાં, મોહતાજોમાં,

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**ખુદાતઆલા તેને અને લોગોને દરમિયાન નૈક રિશ્તો કરી આપશે.**

*(પેજ નં. ૧નું બાકી)* **એહસાસ.....**

મેહસૂસ કરે છે, અને વહેમ હાઝિર યા ગાઈબ બેવેથી થઈ શકે છે. વહેમ ત્યારે થાય છે જ્યારે અક્લમાં કુસૂર હોય છે લેહાઝા વહેમીલા-બદગુમાન શખ્સને **"ઝઇફુલ અક્લ"** (અક્લનો કમ્ઝોર) કહેવાય છે.

ઈન્સાન જે વક્ત કોઈ ચીઝને હાસિલ કરવામાં યા કોઈ કામને અંજામ આપવાનો ઈરાદો કરે છે તે વક્ત એની નિય્યત અને ફિકર એને એના મકસદ તરફ ખેંચી જાય છે. જાનવરની હરએક હરકત-હિલચાલ અક્લથી નહીં પણ વહેમથી હોય છે, જેમકે જમન તલાશ કરવું યા ખતરાથી નાસવું વગૈરા. **જાનવરમાં ફક્ત વહેમ જ છે, અક્લ નથી.** આના સબબ જાનવર ફિકર કરી શકતું નથી પણ પોતે જે તબીઅતના ખાકામાં બનેલું છે તેના માતહત જ તે હરતું-ફરતું રહે છે.

ઈન્સાનની એ ખાસીયત છે કે, ઝાહિરી હવાસથી એ જે કઈ હાસિલ કરે છે, સાંભલે છે યા વાઁચે છે યા જોઈ છે તે પોતાના દિમાગની તીજોરીમાં બંધ કરી દે છે. એક વાર યા વારંવાર એક જ ચીઝ હાસિલ કરવાથી એને તે યાદ રહી જાય છે જે એક અન્મોલ ખઝાનાની સૂરત ધારણ કરી લે છે. હવે જે વક્ત આ ખઝાનામાંથી કોઈ ચીઝની ઝિક્ર થાય છે કે, ફૌરન એને યાદ આવી જાય છે. આમ ઈન્સાનને ખબર પડે છે કે, એના હવાસ તાકતવર છે કે કમ્ઝોર થઈ ચુકા છે. જે તરહ કોઈ કલામ, બોલનારની ઝબાનથી નીકલે છે અને હવાના ઝરીએ તે સાંભલનારના કાન તક પહોંચે છે યા લખાયેલા બયાનોને વાંચનાર પોતાની આઁખની મદદથી વાંચે છે, તે મુજબ દિમાગમાં નક્શ થયેલી યા યાદ રાખેલી બાબતો બાતિની કિતાબ જેમ છે. **જે વિચારના કલમથી યાદદાશ્તના વરક પર નક્શ થઇ જાય છે.** વિચાર કરવાની અને યાદ રાખવાની તાકત બેવે બાતિની હવાસ છે. પણ મનન-મંથન કરવું તે આ બાતિની કિતાબમાંથી વાંચવા મુજબ છે.

આથી સાબિત થયું કે, જેમ ઝાહિરમાં કિતાબ અને કિતાબત (લખાણ), બોલ અને બોલેલું છે તેમ બાતિનમાં પણ એની મિસાલ છે. ઝાહિરી કિતાબ જે મેહસૂસાતમાં છે, તેમાં કિતાબત વાસ્તે કાગઝ, કલમ, સિયાહી, ઝબાન (લીપી), હાથ વગૈરાની ઝરૂરત છે યા બયાન કરવા વાસ્તે મૂઁહ, આવાઝ, હવા વગૈરાની ઝરૂર પડે છે, પણ બાતિની કિતાબ વાસ્તે ન તો કાગઝ, ન કલમ, ન હાથ, ન ઝબાનની ઝરૂર પડે છે કેમકે તે માઅકૂલ કિતાબ છે, અક્લી કિતાબ છે. **મેહસૂસ કિતાબ કસાફત (ભૌતિકતા) થી બનેલી છે અને માઅકૂલ કિતાબ લતાફત (નૈતિકતા) થી બનેલી છે.** ઝાહિરી કિતાબમાં એક જ વક્તમાં એક જ જગા પર એક જ ચીઝ લખી શકાય છે. જો કોઈ એક લખાણ પર બીજું લખાણ કરવા જાય તો એ બેવેથી હાથ ધોઈ બેસે. પણ બાતિની કિતાબમાં આ મુજબની કોઈ કૈદ નથી, બંદિશ નથી, હદબંધી નથી. ઈન્સાનની આ અકલી બાતિની કિતાબ એવી કુશાદા, બેઈન્તેહા છે કે તેમાં બેશુમાર, લાતાઅદાદ અને બેહિસાબ ચીઝો જે ઝાહિરી હવાસથી હાસિલ કીધી હોય, સમાઈ જાય છે. આ તો ઠીક પણ પૂરા મુકમ્મલ કલામુલ્લાહ યાદ થઈ જાય છે. કુરઆનના હુફ્ફાઝ આની ઝિંદા મિસાલ છે.

હરએક અકલમંદ, હુશિયાર અને સમઝદાર પર લાઝિમ છે કે,એ પોતાના બાતિની કિતાબ (હવાસ) નો ઈસ્તેમાલ ઘણો જ સોચી વિચારીને કરે. કિયાસ યા ગુમાનથી હર પલ ચેતીને ચાલે. રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) અપના વાસ્તે બે ઘણી નફીસ, નાદિર અને ભારી ચીઝોને છોડી ગયા છે, એક ઝાહિરી કિતાબ છે અને બીજી બાતિની કિતાબ છે. એકને હાથથી મેહસૂસ કરી શકીએ છીએ તો બીજાને સાચી માઅરેફત અને સહી અક્લથી પારખી શકીએ છીએ. કિતાબે મેહસૂસ ખુદાતઆલાના કલામુલ્લાહ છે અને કિતાબે માઅકૂલ ખુદાતઆલાના વલીયુલ્લાહ છે. નબીયુલ્લાહે ફરમાવું કે, **"મારા વલી, મારા વારિસ, મારા વઝીર, મારા વસી અલી અને એની આલથી જ તમેં અલ્લાહના કલામને સમઝી શકશો કેમકે નાતિકુલ કુરઆન (બોલતા કુરઆન) મેં એને બનાવેલા છે. જે શખ્સ આ બેવે કિતાબને પકડી રાખશે એ મને હૌઝે કૌસર પર આવી મીલશે."**

કિતાબે મેહસૂસ યાઅની કુરઆનમાં એક જગા પર એક જ ચીઝ લખાયેલી છે, તન્ઝીલ છે પણ કિતાબે માઅકૂલ યાઅની અઈમ્મતે આલે મોહંમદ અને દોઆત પોતાની અક્લે કામિલથી, ઈલ્મે પાકથી ગૌરો ફિકર કરીને

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**તે કોઈ શખ્સ આખેરત ના અમરને બરાબર કરશે તો ખુદા તેના દીન ના અમરને બરાબર કરશે.**

(પેજ નં. ૪નું બાકી) **એહસાસ.....**

મુમેનીનને કિતાબે મેહસૂસના રાઝ, હિકમત, તાવીલ, ભેદની વાતોને બતાવે છે. દીનના દુશ્મનો તથા જાહિલ ઈમામો આ કિતાબે મેહસૂસની આયતોનો મનફાવતો તરજુમો કરી, તફસીર કરી, લાઈલ્મ લોગોને ખોટા રસ્તે ખેંચવાની હર દૌરમાં કોશિશ કરતા હોય છે. લેહાઝા મુમિને મુખ્લિસને દાઈએ હક્ક હર વક્ત તાકીદ કરે છે, તન્બીહ કરે છે, સાવચેત રહેવાની નસીહત દે છે કે, તમેં કુરઆને કરીમની તાવીલ અને તન્ઝીલને તેના સાચા હક્કદાર, તેના જાણકાર-અહલુઝ ઝિક્રથી પૂછો જેઓ કિતાબે માઅકૂલ છે. કિતાબે મેહસૂસમાં એક જ લખેલી ચીઝની ગહેરામાં ગહેરી માઅના અલગ-અલગ શિક્લો સૂરતમાં બતાવે છે મગર આ માઅનાઓની રૂહ એક જ હોય છે. દુનિયામાં બેશુમાર કહેવાતા આલિમો છે, જેનો કિતાબ યા આલ સાથે દૂરનો પણ રિશ્તો નથી, તેઓ અરબી તો શું પણ ખુદની માદરી ઝબાન બરાબર લખી કે બોલી શકતા નથી તો અરબી કુરઆનના ઝાહિર કે બાતિનને શું સમઝશે ! અરબી ઝબાનની ખૂબસૂરતી અને ગહેરાઈનો શું તોલ કરી શકે ? કઈ તરહ ઈન્સાફ આપી શકે ? આ તરહના જાહિલો અને હક્કથી છુટા પડેલાઓની ઘણી ખસ્તા-હાલી છે કે, કુરઆનને પકડીને એનો એહસાસ તો કરે છે મગર અફસોસ, અહલે બૈતે રસૂલ (સ.અ.) ના હક્ક અને ઈલ્મનો એહસાસ કરી શકતા નથી.

ખુદાતઆલાનો હઝાર-હઝાર શુક્ર છે કે, હમને બેવે એહસાસથી નવાઝેલા છે જેના સબબ હમેં યહાઁ જ જન્નતની નેઅમતોનો અહસાસ કરી શકીએ છીએ. આ નેઅમતનો અહસાસ બીજી કોઈ ચીઝ નથી પણ આ દાઅવતે ઈબ્દાઈયાહ છે જેની બુનિયાદ કુરઆને કરીમ અને અહલુલ બૈત (અ.સ.) છે.

**દુર ફિશાનીને તેરી ઝર્રોં કો દરિયા કર દિયા,**
**દિલ કો રૌશન કર દિયા, આઁખો કો બીના કર દિયા,**
**ખુદ ન થે જો રાહ પર, ઔરોં કે હાદી બન ગયે,**
**ક્યા નઝરથી જિસને મુર્દો કો મસીહા કર દિયા.**

----------

**લિબાસે પારસાઇ સે શરાફત આ નહીં સકતી,**
**શરાફત નફસ મેં હોગી તો ઇન્સાં પારસા હોગા. ★**

## -::: નૌહા પુરગમ :::-

## મૌ. ઈમામ હસન (અ.સ.)

થામે હુએ હસન કો યે ઝયનબ ને દી સદા,
હે હે યે ક્યા હુઆ.
મુઁહ સે નિકલ રહા હે, જિગર વા મોહંમદા,
હે હે યે ક્યા હુઆ.
કિસ તરહ હો રહા હે બદન નીલ ગું તમામ,
કિસને કિયા યે કામ,
કિસ દુશ્મને ખુદા ને સમે પુર દગા દિયા,
હે હે યે ક્યા હુઆ.
બુલવાયે જલ્દ કોઈ તો ભાઈ હુસૈન કો,
તાખીર અબ ન હો,
ભાઈ પા અપને ભાઈ શિફા કી પઢે દોઆ,
હે હે યે ક્યા હુઆ.
પુર હો ગયા કલેજે સે ટુકડો સે જો લગન,
ગભરા ગઈ બહન,
ચિલ્લાઈ યા અલી ચમને ફાતેમા લુટા,
હે હે યે ક્યા હુઆ.
બે જુર્મ જાન સૈયદે ગોશાનશીં કી લી,
ફરયાદ યા નબી,
ભાઈ ને મેરે કિસ કો સતાયા થા યા ખુદા,
હે હે યે ક્યા હુઆ.
સુનકર હુસૈન ઈબ્ને અલી જાં ગિઝાં ખબર,
આયે બિરહના સર,
દેખા જો હાલ ભાઈ કા બે સાખતા કહા,
હે હે યે ક્યા હુઆ.
યે ફાતેમા કે લાલ પા કૈસા હુઆ સિતમ,
ક્યું કર કહેં ના હમ,
લાઅનત ખુદા કી ઉસ પા જો બાઈસ હે કત્લ કા,
હે હે યે ક્યા હુઆ. ★

**આકિલ તે છે જે હર ચીઝને એની મુનાસિબ જગામાં કરે. જાહિલ આના બરખિલાફ અમલ કરે છે.**

*(પેજ નં. ૩ નું બાકી)* ***અખ્બારે દોઆતે મુત્લકીન (આ.કુ,).....***

ઝરૂરતમંદોમાં, બીમારોમાં આપની સખાવતના દરિયા જારી હતા. સૈયેદનાએ આપને **"અસદુદ્દીન"** નો મુબારક લકબ ઈનાયત કીધો અને આપને જોઈને દાઈની આઁખ ઠંડી થાતી. સૈ.મોહંમદ બાદ આપ મૌલાએ તરતીબમાં મુકાસિરૂદ્દાઅવતના દરજામાં આપના નાના ભાઈ અહમદને ફાઈઝ કીધા.

૧૮ સાલની ઘણી કલીલ ઉમરમાં સૈ.અહમદે એ હદનું ઈલ્મ હાસિલ કીધું કે, **આપ દાઅવતના હરમના તમામ ઓલમાના ઉસ્તાઝ બના.** આપની શીરીં કલામી અને સખ્ત દલીલોના ઝોરથી તમામની ઝબાનો બંધ થઈ જાતી. સૈયેદનાએ આપને હરાઝના ઈલાકાની અમાલત સિપુર્દ કીધી. આ અરસામાં સૈયેદના, માઝૂનુદ્દાઅવત સૈ.મોહંમદ પર નસ ફરમાવી ચુકા હતા પણ આપે ઈશારતન વસીયત કીધી કે, સૈ.મોહંમદના આખિરી વક્ત પર સૈ.અહમદને નસનો તાજ પહેરાવવામાં આવે. મગર અલ્લાહની કઝાઓ કદરમાં કઈ બીજું જ મરકૂમ હતું. બેવે દરજાના સાહબો સૈ.મોહંમદ અને સૈ.અહમદ થોડા જ વક્તમાં રહેલત ફરમાવી ગયા. સૈયેદનાના નાના ભાઈ અલી શમ્સુદ્દીન બેવે સાહબોના જનાઝા અને ગુસ્લો કફનના વાલી થયા. આપ મૌલા ના દિલ પર ગહેરો ગમ તારી થયો, આપને ઓલમાએ હક્કની કમી મેહસૂસ થઈ. **પણ આપ સબરને લાઝિમ રહ્યા. રબની ખુશી પર આપની ખુશી બાકી રાખી, દાઅવતની ખિદમત પર બાકી રહ્યા.** આપની ખૈરખ્વાહી અને તદબીરથી મુમેનીનને હર તરહનું અમાન હતું.

માહે રમઝાનમાં આપની તબીઅતમાં તબ્દીલી આવી, આપ બીમાર થયા અને આપને અજલની આમદ મેહસૂસ થઈ. તમામ હુદૂદ, ફોઝલા, કોરમા અને ઓલમાને આપ મૌલાએ યાદ ફરમાવા અને આપના માઁજાયા ભાઈ સૈ.અલી શમ્સુદ્દીન ને ૧૮ માં દાઈએ મુત્લકનો જામએ નસ્સે જલી પહેરાવો. આપના ફરઝંદ ઈદરીસને પોતાના કાકાજીની ખિદમત કરવાની વસીયત કીધી. આપ મૌલા ૬ શવ્વાલ ૮૨૧ હિ માં હિસ્ને ઝમરમરમાં ઈન્તેકાલ ફરમાવી ગયા જ્યાં આપના કુબ્બા શરીફાહ છે. આપના મઝાર સુલતાન અલી બિન હાતિમની મસ્જિદના સહેનમાં વાકેઅ છે. આપની દાઅવતની મુદત ૧૨ સાલ ૨૭ દિનની રહી છે. ★

## -::: અકલમંદ :::-

સૈયેદુન્નબીયીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ અન્સાર માંથી એક શખ્સને વસીયત કરતા ફરમાવું કે, મેં તુને મૌતને યાદ કરવાની વસીયત કરૂં છું. આ યાદ તુંને દુનિયાની બેવફાઈથી તસલ્લી આપશે, દુનિયાની રાહતોને ભુલાવી દેશે. આપે ફરમાવું કે, તું **"હાદિમુલ લઝ્ઝાત"** ની ઝિક્ર ઝિયાદહ કરા કર. અરઝ કરવામાં આવી કે, અય અલ્લાહના રસૂલ ! આ "હાદિમુલ લઝઝાત" ની શું સમઝ છે ? આપે જવાબમાં કહ્યું કે, તેનો મતલબ **"મૌત"** નો છે જે લઝઝતોને તોડનારી છે. આપે કેટલાક અસ્હાબને દરમિયાન સવાલ કીધો કે, શું તમેં જાણો છો કે, લોગોમાં સૌથી વધારે અકલમંદ કોણે કહેવાય ? સઘલાએ અરઝ કીધી કે, અલ્લાહ અને અલ્લાહના રસૂલ ઝિયાદહ જાણે ! પછી આપે જવાબમાં ફરમાવું કે, ઝિયાદહ અકલમંદ તે શખ્સ ને કહેવાય જે મૌતને વધારે યાદ કરે અને તેના આવવાની હર વક્ત તૈયારી કરતો રહે. ★


## -::: ઝાહેર ખબર :::-

**લામેઆ અલીઅસગર કલીપવાલા**

સ્ટોન અને કેઝયુઅલ વેસ્ટર્ન જ્વેલરી થી તમારા ચહેરાની ખૂબસૂરતી ઔર વધારવા નવી-નવી દિલકશ મોતીઓની ડીઝાઈન્સ અમારા ત્યાં બને છે. ગલાનો હાર, એરિંગ અને બીજી ચીજોની ડીઝાઈન્સ માટે જરૂરથી એક વાર મુલાકાત લો.

મો.: ૯૭૧૨૯૯૭૮૬૦ ★

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ, પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬, ૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★


**મઝલૂમનો એક દિન ઝાલિમ પર ભારી-સખ્ત હોય છે, ઝાલિમના મઝલૂમ પર એક દિન કરતા.**

## -::: હિકમતના લોગો વાસ્તે " હકીમસાબ " ના નુસ્ખા :::-

### ગુમડા (Boils)

➾ Hair follicle (બાલનું જડ) નું infection થવાથી એ જગામાં pus થાય છે અને આસપાસ સોજો આવે છે અને એ ભાગ ઉપસી આવે છે. આને Boil યા ગુમડુ કહે છે. Boil શરીર ના કોઇ પણ હિસ્સામાં થઇ શકે છે મગર ખાસ કરીને ચેહરા પર, ગરદન પર, બગલમાં, બેસવાની જગા પર અને જાંગ પર વધારે થાય છે. Boil ની શરૂઆત ઉપસી આવેલી લાલ ફુનસી થી થાય છે. એક બે દિવસમાં જ તે જગા પર સોજો વધતો જાય છે અને Pus ભરાઇ જાય છે અને ખૂબ તકલીફ થાય છે. આમ તૌર પર ૧૦-૧૫ દિવસમાં ગુમડુ અપને આપ બેસી જાય છે મગર થોડા cases માં તકલીફ વધી જાવાના સબબ દવા લેવી પડે છે યા તો કાપ (incision) મુકાવવો પડે છે. ગુમડાં બધા ને થઇ શકે છે મગર ખાસ કરીને જે સફાઇ નો ખયાલ ન રાખતા હોય યા જેને Diabetes હોય તેને ઝિયાદહ થાય છે.

➾ Hair follicles નું infection એક bacteria થી થાય છે જે આમ તૌર પર અપની ચામડી ની સતેહ (surface) પર અને ગલામાં જોવા મિલે છે. આ જ bacteria, pneumonia, મગજનો તાવ, પેશાબનું infection, heart નું infection વગૈરા કરી શકે છે.

➾ **Boils કોને ઝિયાદહ થઇ શકે છે :**

∗ શરીરની સફાઇનો જે ખયાલ ન રાખતા હોય તેને વારંવાર ગુમડા થઇ શકે છે.

∗ Diabetes હોવાના સબબ ખૂનમાં વધારે પડતું sugar તરહ-તરહના bacteria ને ખોરાક પૂરો પાડે છે જેના સબબ ઘણી બધી ઝાતના infections થઇ શકે છે.

∗ સખ્ત કપડા પહેરવા યા synthetic કપડાં પહેરવા. સખ્ત કપડા પહેરવાથી ચામડી પર ઘસારો થાય છે અને આ bacteria ને ચામડીને અંદર જાવાનો મૌકો મીલે છે. Synthetic કપડાં પહેરવાથી પસીનો ચૂસાતો નથી અને ચામડી પર વધારે ભેજ જમા થાય છે જેથી ચામડી નરમ પડી જાય છે અને infection થાય છે.

∗ જેને Pimples, ચામડીની બીજી બીમારી જેવી કે, dermatitis યા psoriasis યા eczema હોય તેને boils થઇ શકે છે.
એવી દવાઓ કે જે immune system ને કમ્ઝોર પાડી દે જેમ કે steroids અને immune-suppressants વગૈરાથી ચામડીના infections થઇ શકે છે.

➾ **Boils (ગુમડા) થાય તો શું કરવું :**

∗ ગુમડાની જગા પર ૩૦ મીનીટ વાસ્તે ગરમ કપડું લગાવો. અગર બની શકે તો કપડાને નમકવાલા ગરમ પાનીમાં નાંખીને મુકો. આ મુજબ ૨-૩ કલાક બાદ પાછુ કરો. આમ કરવાથી ગુમડાનું pus બાહર નીકલી આવશે અને રાહત થાશે.

∗ ગુમડાની જગાને દિવસમાં ૨-૩ વકત સાબુથી સાફ કરો.

∗ કોઇ પણ હાલતમાં ગુમડાને દબાવીને pus બાહર ના કાઢો. આમ કરવાથી infection ફેલાઇ શકે છે.

∗ ગુમડાને લાગેલા હાથ ને બરાબર સાફ કરો.

∗ ગરમી અને ભેજ વાલા મૌસમમાં હમેશા ઢીલા અને cotton ના કપડા પેહરો, જેથી ચામડી સૂકી રહે.

∗ ખાસ કરીને બચ્ચાઓમાં અને થોડા cases માં વારંવાર ગુમડા થવાની તકલીફ જોવા મીલે છે જેનો કોઇ સબબ હોતો નથી. આવા cases માં હોમીયોપેથી ની દવાઓ ખૂબ અકસીર છે. Allopathy માં યા તો antibiotics યા કાપ મુકાવીને boils નું treatment થાય છે.

∗ હોમીયોપેથિક દવાઓ લેવાથી ગુમડાં જલ્દી સુકાઇ જાય છે અને જો અગર pus થયું હોય તો આ દવાઓ થી pus નો નીકાલ પણ લાવી શકાય છે. ★

**સવાલના હદથી ઝિયાદહ દરાઝ જવાબ એની એહમીયત અને સવાબને હલકો કરી નાખે છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઇ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઇ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઇનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઇ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તૈઝ કરો.....

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | ■ | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**ઊભી તરકીબ :**

(૧) બુરાઇ, ખરાબી. (૨)

(૨) હિકમત જાનનાર શખ્સ. (૩)

(૩) ઈમાનનો એક રૂકન. (૩)

(૭) તોશો, સફરનો સામાન. (૨)

**આડી તરકીબ :**

(૨) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવેલા કલામ. (૩)

(૪) બચેલી ચીઝ, હમેશા રહેનારૂં. (૨)

(૫) દુરૂસ્ત, જાઇઝ. (૨)

(૬) જે જગા પર ઝિયારત વાસ્તે જવાય. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**

| | | | | |
|---|---|---|---|---|
| | | પો | | |
| | ફા | તે | હા | |
| રા | ઇ | ■ | જ | ઝા |
| | ઝ | કા | ત | |
| | | ન | | |

★

*(પેજ નં. ૨નું બાકી)* **ઝબાન.....**

**ન કરો.**" આજે ઘરોમાં બહુ રફ, હલકી, નાઝૈબા ઝબાન બોલાય છે, હુંકારે-તુંકારે, ગાલી-ગલોચ સાથે બોલવામાં લોગો અચકાતા નથી. મોટા-નાનાનો કે બૈરોનો લેહાઝ રાખવામાં આવતો નથી. જે ઘરમાં ટીવી-કલ્ચર કે સિનેમાની રંગીનીઓનો માહૌલ હશે તે ઘરને બરબાદી અને ખાના-ખરાબીથી કોઇ રોકી શકશે નહી. ઘરની તબાહીની શરૂઆત ખરાબ ઝબાનથી થાય છે.

ઝબાન તે ઈન્સાનના મનનો આઇનો છે. જો મન ચોખું નહીં હોય તો આઇનો પણ સાફ નહીં હોય. આ જ સબબથી ઈમાનની શરતોમાં છે કે, **જે તમેં મનથી માનો તે તમારી ઝબાનથી બોલો, જે તમેં ઝબાનથી બોલો એને કરી બતાવો.** મીઠી ઝબાન લોગો કોઇની ગીબત કરવામાં, ખુશામદ કરવામાં, પંચાત કરવામાં, જૂઠ બોલવામાં વાપરતા હોય છે. આ ચીઝો ત્યારે થાય છે જ્યારે એનું મન મેલું હોય છે, પોતાની ઝાતમાં ઐબ હોય છે. ઝબાન ખોલો તો એવી ખોલો કે તમારૂં મન પાક હોય, મકસદ ખરો હોય, વાતમાં બીજા વાસ્તે ભલાઇ હોય તો ઘરવાલા તો શું પણ દુનિયાવાલા તમને સાંભલશે, સાંભલીને યાદ રાખશે અને તમારી ગૈર-હાઝરીમાં તમારૂં સાંભલેલું બીજાને સંભલાવશે. તે ઝબાનને **લાખો સલામ** જે પોતાના બોલનારને તો બલાથી બચાવે પણ બીજા વાસ્તે રાહતનો સામાન બને.

**બોલ બોલ ન કર, પણ થોડું બોલ,**
**ખૂબ વિચારીને બોલ, પણ મીઠું બોલ.** ★

**તે કોઈ શખ્સ પોતાની જાન વાસ્તે નૈક શીખામણ દેનાર હશે તો ખુદાતઆલા તેના પર એક હિફાઝત કરનારો મુકી આપશે.**

**જે કોઈ તારૂં ભલું ચાહતો હોય તો તેના ખુશ-ગુમાનને સાચું માનજે.**

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨　મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

### ફાઈન આર્ટ કલાસ

→ ફેબ્રીક પેઈન્ટીંગ, એમ્બોસ પેઈન્ટીંગ, જરીવર્ક, બીડસ વર્ક તથા એમ્બ્રોઈડરી વર્ક શીખવા માટે.
→ જરી વર્ક માટે જરી પાવડર, ગ્લૂ તથા અન્ય મટીરીયલ્સ વ્યાજબી ભાવે મેળવવા.
→ ઓર્ડર મુજબ આકર્ષક ડ્રેસ, રીદા, ઘાઘરા-ઓઢણાં ઉપર વર્ક તેમજ પેઈન્ટીંગ કરવા માટે.

કોન્ટેક્ટ : બુરહાના એમ. ગોદીવાલા,
એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૯૮૫૮૨૭૧૬ ★

### રાજ ગ્રાફીક્સ એન્ડ ડીઝાઈનીંગ સેન્ટર

**દરેક પ્રકારનું પ્રીન્ટીંગ વર્કસ, ફ્લેક્સ/બેનર, મલ્ટીકલર વી.કાર્ડ તેમજ ડીઝાઇનીંગ વર્કસ કરી આપવામાં આવશે.**

૧૦૦% પ્રેક્ટીકલ જોબ વર્ક સાથે ફક્ત ડીઝાઈનીંગ શીખવાડવામાં આવશે.

Limited Student Only.

શબ્બીર પીઠાવાલા　　ફાતેમા ચીમનીવાલા
મો.: ૯૮૨૪૩૦૩૨૫૧　મો.: ૯૨૨૮૭૭૪૭૬૨
૭, રીયાઝ એપાર્ટમેન્ટ, મહાવીર હોલ પાસે,
આજવા રોડ, વડોદરા - ૧૯.★

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એક્સચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## -::: ઝાહેર ખબર :::-

### અલી ફોટોગ્રાફર્સ

કોઈપણ પ્રકારના પ્રસંગ-ફંકસનની ફોટોગ્રાફી, ઈન્ડસ્ટ્રીયલ તેમજ પ્રોડક્ટ ફોટોગ્રાફી, ફેમેલી અથવા ગ્રુપ ફોટો **ડીજીટલ** કેમેરાથી પાડી આપવામાં આવશે.

ઓર્ડર માટે કોન્ટેક્ટ કરો : **મોહંમદઅલી કાચવાલા**
એ-૨૦૫, "બૈતુન્નૂર" બોરસલી એપાર્ટમેન્ટ,
તૈયેબી પાર્ક પાસે, આજવા રોડ, વડોદરા - ૧૯.
મો.: ૯૯૦૪૪૭૦૪૯૮ ★

### અયમન હોઝીયરી

**દરેક પ્રકારની બ્રા, પેન્ટી, સ્લીપ, ફેન્સી સેટ તથા લેડીઝ ઇનર વેર વ્યાજબી ભાવે મીલશે.**

*તરન્નુમ ઝહીર કાચવાલા*
વાડી, સ્વામીનારાયણ મંદિર પાછલ,
પુરાવાલાની ચાલી સામે, રફાઈ મોહલ્લા,
વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૩૦૨૪૩૩૯　મો.: ૯૦૧૬૪૨૦૩૬૧૦ ★

**....કારપેટ ....કારપેટ ....કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/o. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬
વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★





**દુનિયાની કડવાશ, આખેરતની મીઠાશ છે અને દુનિયાની મીઠાશ, આખેરતની કડવાશ છે.**

## -::: દોઆ એ પુરઅસર :::-

ઈન્સાન હર વક્ત આજિઝ અને બેબસ છે કે જે માહૌલમાં એ રહે છે, જે ઝમીન પર એ પોતાની ઝિંદગી ગુઝારે છે અને જે જે ચીઝોની લઝઝતો તથા ફાયદાઓ એ ઉઠાવે છે, તો આ બધી નેઅમતોને હાસિલ કીધા બાદ પણ એ પોતાના રબનો સહી અલ્ફાઝમાં શુક્ર અદા કરી શકતો નથી. સબબ કે જેમ ઈન્સાન, અલ્લાહતઆલાની જલાલત અને માઅરેફત કરવાની કોશિશ કરે છે તો ઈન્સાન હોવાના નાતે પોતે એક મખ્લૂક જ છે તેથી એ માઅરેફતે ઈલાહી કરવામાં લાચાર થઈ જાય છે, તો આ લાચારી જ અસલમાં અલ્લાહની માઅરેફત છે. જેમ સૂરજની રોશની જોવાથી એમ સાબિત થાય છે કે સૂરજ તેની રોશની કરતા રોશન છે જેને આઁખોથી જોઈ શકાતો નથી.. તો અલ્લાહતઆલાએ ઈનાયત કીધેલી લાતાઅદાદ-અપાર નેઅમતોનો પણ આજ હિસાબ છે કે તેની ગિન્તી કરવાથી લાચાર થઈ જાવું એ જ અલ્લાહના શુક્ર અને હમ્દ કરવાને બરાબર છે.

અહલુલ બૈત (અ.સ.) અને કુરઆને પાક સિવાય હર નેઅમતમાં પડતી અને નુઝૂલ આવનાર છે. પણ જો કોઈ ચાહે કે અલ્લાહની ફલાની નેઅમત યા એનો અસર તેમજ બરકત એના ઘરમાં બાકી રહે યા એની ઔલાદમાં બાકી રહે તો રોઝ આ તસ્બીહ **ફજેરે અને રાતે પઢવી ઘણી ફાયદામંદ છે.** આ નેઅમત હલાલ રોઝીની હોય યા દીનદારીની હોય યા સેહતની હોય યા નૈક ઔલાદની હોય યા નૈક બૈરોની હોય યા બેહતર ઘરની હોય યા બેહતર સવારીની હોય યા ઉમ્દા નોકરની હોય યા તાઅલીમની હોય યા ઉમ્દા જમનની હોય યા સખાવતની હોય યા મહેમાન દારીની હોય વગૈરા.

બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ

**વઇન તઉદ્દૂ નેઅમતલ્લાહે લા તાહસૂહા - તન્ઝીલુમ મિર રબ્બિલ આલમીન. યા અલ્લાહ બેરહમતેકા યા અરહમર રાહેમીન.**

માઅના :-

અને અગર તમેં અલ્લાહતઆલાની નેઅમતની ગિન્તી કરવા બેસો તો એને હરગિઝ શુમાર નહીં કરી શકો. તે કુરઆન ઉતરા છે આલમીનના પાલનહાર તરફથી. અય અલ્લાહતઆલા તારી રહેમતથી (મને ખૈરીયત અતા કર), અય રહેમ કરવાવાલાઓમાં તમામથી વધારે રહેમ કરનાર. ★

**ફાઝિલમાં ફાઝિલ અમલ તે છે કે જે ચીઝને તું બીજા વાસ્તે નાપસંદ કરતો હોય તેને તારી જાન ને વાસ્તે પણ નાપસંદ કરે.**

LIC
ભારતીય જીવન બીમા નિગમ
LIFE INSURANCE CORPORATION OF INDIA
Mustakali Vohra
Insurance Consultant
Ph.: (0265) 2583316
(0265) 2021406
"આપ આપના કુટુંબની મુલ્યવાન સંપત્તી છો......માટે વિમો જરૂરી છે"

Monarch art
2nd Floor,
Umallawala's House,
Badri Mohalla,
Wadi, Vadodara.
Screen Printing • Offset Printing • DTP Job Work

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★